ગાંધીનગર સમાચાર
તા. 3-૮-૨૦૧૩, શનિવાર

તંત્રી સ્થાનેથી.....

અલગ સૌરાષ્ટ્રની માગણી વાહિયાત

કેન્દ્રીય કેબિનેટ દ્વારા જેવી અલગ તેલંગાણાની માગણી સ્વીકારાઈ હોવાની જાહેરાત થઈ કે દેશના ખૂણે ખૂણેથી વર્ષો જૂની નાનાં રાજ્યોની માગણી ચાલુ થઈ ગઈ છે. આ એક પ્રકારની દબાયેલી સ્પ્રિંગ છે જે હવે બમણી તાકાત સાથે ઊછળવાની છે. આખા દેશમાં ૫૬૭ જેટલાં નાનાં મોટાં રજવાડાં હતાં. સરકાર પટેલે એ તમામનું ભારે કુનેહપૂર્વક ભારતીય સંઘ (ઈન્ડિયન ફેડરેશન ઓફ સ્ટેટ્સ)માં વિલીનીકરણ કરીને છિન્નભિન્ન રજવાડાંમાં વહેંચાઈ ગયેલા દેશને 'રાષ્ટ્ર'નું સ્વરૂપ આપવાનો પુરુષાર્થ કર્યો હતો. ચર્ચિલ જેવા વિચક્ષણ નેતાની આગાહી ખોટી પાડવામાં પંડિત નહેરુ અને સરદાર પટેલની જુગલજોડીને ખાસ્સી નોંધપાત્ર સફળતા સાંપડી હતી. ચર્ચિલ તો એમ જ માનતો હતો કે બ્રિટિશરો જેવા હિંદુસ્તાનની બહાર પગ મૂકશે એવાં આ રજવાડાં ફરી માથું ઊંચકશે અને અંદરોઅંદર લડી મરશે. આવી સ્થિતિમાં ન મુકાવું પડે એ માટે પંડિત નહેરુએ ભાષાવાર પ્રાંતરચનાનો વિચાર રમતો મૂક્યો હતો. એ મુજબ શરૂઆતમાં દ્વિભાષી મુંબઈ રાજ્ય તરીકે ઓળખાતા વિશાળ રાજ્યમાં કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત અને વિદર્ભ સહિતના મહારાષ્ટ્રનો સમાવેશ કરાયો હતો. દેશ આઝાદ થયો ત્યારે કચ્છ અને સૌરાષ્ટ્રને રાજ્યનો દરજ્જો મળેલો હતો. સૌરાષ્ટ્રના પંતપ્રધાન ઢેબરભાઈ કોંગ્રેસના વગદાર નેતા હતા. કચ્છ 'સી' કેટેગરીનું રાજ્ય હતું. જ્યારે દ્વિભાષી મુંબઈ રાજ્યની રચના થઈ ત્યારે અને તે પછી જ્યારે મહારાષ્ટ્ર અને ગુજરાત અલગ પડ્યાં તે અરસામાં અલગ સૌરાષ્ટ્રનો સ્વર જરૂર સંભળાયો હતો. પરંતુ તે જમાનામાં કોંગ્રેજ જ એક માત્ર રાષ્ટ્રીય પક્ષ હતો અને ગુજરાતના સર્વેસર્વા તરીકે મોરારજી દેસાઈનો ભારે દબદબો હતો. મોરારજી દેસાઈનો શબ્દ નહેરુ પણ ન ઉથાપી શકે એવો માહોલ પ્રવર્તતો હોઈ સૌરાષ્ટ્રની તતૂડી વાગી ખરી પણ પછી ધીમે રહીને ચૂપ થઈ ગઈ. હા, સૌરાષ્ટ્રના ડો. જીવરાજ મહેતાને અને તે પછી બળવંતરાય મહેતાને કોંગ્રેસ હાઈકમાંડે ગુજરાત રાજ્યના શરૂઆતના સુકાની બનાવી એની અવગણના નહીં થતી હોવાની પ્રતીતિ જરૂર કરાવી હતી. રસિકલાલ પરીખ, રતુભાઈ અદાણી અને જશવંતલાલ મહેતા જેવા નેતાઓને પણ પૂરતું મહત્વ અપાયું. ઉપરાંત કેન્દ્રમાં પણ મનુભાઈ શાહ અને જયસુખલાલ હાથી જેવા સાંસદો વર્ષો સુધી મહત્વનાં પ્રધાનપદાં ભોગવતા રહ્યા હતા. અલગ સૌરાષ્ટ્રની માગણીનો ભારેલો અગ્નિ આટલાં વર્ષો પછી લેઉવા પાટીદારોના ઝુઝારુ નેતા વિઠ્ઠલ રાદડિયાએ છંછેડ્યો છે. વિઠ્ઠલ રાદડિયાની આ ગણતરી પૂર્વકની રાજકીય ચાલ છે કે પછી આગામી ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં ખેલ પાડી દેવાનો મુખ્યમંત્રી સાથે મસલત કરીને વિચારેલો વ્યૂહ? વિઠ્ઠલ રાદડિયાની રાજકીય કારકિર્દી સહકારી નેતૃત્વના પાયા પર અને જ્ઞાતિવાદના ટેકા પર ઊભેલી છે. રાજપા થઈ કોંગ્રેસમાં વિસામો ખાઈ હવે તેઓ ભાજપમાં આવ્યા છે. વિદ્રોહી નેતા તરીકેની પ્રતિષ્ઠા ધરાવતા વિઠ્ઠલભાઈ રાદડિયાને ગુજરાતના મુખ્યમંત્રીપદનું તો કદાચ સપનું પણ ન આવે, પરંતુ સૌરાષ્ટ્ર અલગ પડે તો એનું શ્રેય લઈ તેઓ બા-અદબ બા-મુલાહિજા રાજકોટમાં એમનું રજવાડું સ્થાપી શકે એમાં બે મત નથી. પરંતુ ફક્ત આવી અંગત એષણા સંતોષવા માટે પ્રગતિશીલ ગુજરાતનાં ફાડિયાં કરવાના કારસા ગોઠવવા એ બરાબર તો ન જ ગણાય. વિઠ્ઠલ રાદડિયા સૌરાષ્ટ્રના અલગ રાજ્યની માગણી એની 'અસ્મિતા'ની રખેવાળીના ઉદ્દેશથી કરી રહ્યા છે. હકીકતમાં સૌરાષ્ટ્ર એ હવે ગુજરાતનો સૌથી મહત્વનો વિકાસશીલ પ્રદેશ છે. એની પાસે વિશાળ દરિયા કાંઠો છે, યુનિવર્સિટીઓ છે, મહાનગરપાલિકા ધરાવતાં રાજકોટ, જામનગર અને ભાવનગર જેવાં શહેરો છે. સૌરાષ્ટ્રને ગુજરાતથી જુદું પાડવા કરતાં ત્યાં ઉદ્યોગો વિકસાવવાનો પ્રયાસ થવો જોઈએ. સોમનાથ અને દ્વારિકાધીશના જેના પર ચારે હાથ છે એવા સૌરાષ્ટ્રે જ આ દેશને દયાનંદ સરસ્વતી અને મહાત્મા ગાંધી જેવી વિભૂતિઓ આપી છે. ગાંધીએ ક્યારેય પોતાને ગુજરાત કે ગુજરાતીથી જુદા નથી ગણ્યા. અંગત ગણતરીઓ બાજુએ મૂકી ચાલો આપણે ગુજરાતના સાર્વત્રિક અને સર્વાંગી વિકાસની યાત્રા આગળ ધપાવીએ.

ગાંધીનગર શહેરના સેકટર-૧ ૩માં આવેલી આદર્શ નિવાસી અનુસૂચિત જાતિ કન્યા શાળામાં તાજેતરમાં ધોરણ-૯, ૧૦ અને ૧૧ની વિદ્યાર્થીનીઓ માટે રંગપૂર્તિ ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. આદર્શ નિવાસી શાળાના ધોરણ-૯ની ૩૫, ધોરણ-૧૦ની ૪૮ અને ધોરણ-૧૧ની ૧૦ વિદ્યાર્થીનીઓએ રંગપૂર્તિ ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધો હતો. સ્વામિ વિવેકાનંદ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત દ્વારા યોજાયેલી ચિત્ર સ્પર્ધામાં વિદ્યાર્થીનીઓએ સુંદર રંગપૂર્તિ કરી વિજેતા ક્રમ હાંસલ કર્યો હતો.

મહર્ષિ અત્રિ શાળાનો યોગ સ્પર્ધામાં સારો દેખાવ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના પીંપળજ ગામે આવેલી મહર્ષિ અત્રિ માધ્યમિક શાળાના વિદ્યાર્થી ખેલાડીઓએ તાજેતરમાં યોગાસન સ્પર્ધામાં તૃતીય નંબર મેળવી રાજ્યકક્ષાની સ્પર્ધામાં પોતાનું નામ નોંધાવ્યું છે.

શાળાના અરવિંદ કાગડીઆએ જિલ્લા યોગાસન સ્પર્ધામાં અંડર-૧૪માં ત્રીજો નંબર અને મયંક પટેલે અંડર-૧૭માં ત્રીજા નંબર મેવી શાળાનું ગૌરવ વધાર્યું છે. આ સાથે ગૌરવ જાદવ, પ્રતીક જાદવ અને નિશ્ચલ મોરીએ પણ સ્પર્ધામાં સારો દેખાવ કર્યો હતો.



સાહેબ લાગે છે હવે કંટ્રોલમાં નથી...!!

રાવળ યોગી સમાજે સદાબહાર ગીતોનો સૂરીલો કાર્યક્રમ યોજ્યો

સ્વ. મહંમદ રફી, સ્વ. કિશોરકુમાર અને સ્વ. મુકેશના ગીતોના સ્વરાંકને પ્રેક્ષકોને ડોલાવ્યા

ગાંધીનગર, તા. ૨

રાવળ યોગી સમાજ દ્વારા સ્વ. મહંમદ રફીની પૂણ્યતિથિ નિમિત્તે રફી સાહેબના સદાબહાર હિન્દી ફિલ્મી ગીતોનો સૂર સંગમ કાર્યક્રમ તાજેતરમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે યોજાઈ ગયો.

ગાંધીનગરની મ્યુઝિકલ ઓરકેસ્ટ્રા 'બાલાજી સૂર સંગમ' દ્વારા સંચાલીત મહંમદ રફીના ગીતોના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં દર્શકો ઉપસ્થિત રહ્યા હતા. રફી સાહેબના મધુર કંઠે ગવાયેલા ગીતોને અમૃત રાવલ, હંસા સુરતી, શીરીષ ગઢવી, ગૌરાંગ રાવલ, આર.કે. એન્ડ સંજય ગાવડે અને અર્પિત રાવલે પોતાના મધૂર સ્વરથી રજૂ કરી પ્રેક્ષકોને ડોલાવી દીધા હતા. સ્વ. કિશોરકુમાર અને સ્વ. મુકેશના કંઠે ગવાયેલા ગીતો પણ આ પ્રસંગે રજૂ થયા હતા. ઓર્ગન પર રમેશ રાઠોડ અને એરીક ક્રિશ્ચિયનની સંગતે સમગ્ર માહોલ સંગીતમય બની ગયો હતો.

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત બી.બી.એ. કોલેજ દ્વારા વિવિધ કાર્યક્રમોની ઉજવણી

ગાંધીનગર, તા.૨

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત બી.પી. કોલેજ ઓફ બી.બી.એ. કોલેજ, ગાંધીનગર દ્વારા આજ રોજ ત્રણ વિવિધ કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી હતી.

કોલેજ અને વનશ્રી નેચર કલબનાં સંયુકત ઉપક્રમે ગાંધીનગરના સ્થાપના દિન નિમિત્તે ૧૫૦ વિદ્યાર્થીઓ દ્વારા ૧૦૦૦ વૃક્ષારોપણનાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ અને સ્વયંસેવકો દ્વારા એક જ સમયે ગાંધીનગરની ૩૦ જેટલી ખાનગી તેમજ સરકારી શાળાઓમાં કરવામાં આવેલ વૃક્ષારોપણની જવાબદારી કોલેજ તરફથી પ્રો. માર્ગી દેસાઈ તેમજ વનશ્રી નેચર કલબ તરફથી અંજના નિમાવતે સંભાળી હતી.

દ્વિતીય કાર્યક્રમ અંતર્ગત કોલેજનાં ૧૨૦ વિદ્યાર્થીઓ દ્વારા ગાંધીનગર શહેર વસાહત મંડળનાં સંયુકત ઉપક્રમે પેથાપુરથી જી.ઈ.બી. થઈને ગાંધીનગર બી.બી.એ. કોલેજ સુધી સ્કુટર રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરના સ્થાપના દિન નિમિત્તે યોજાયેલ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના પ્રો. મેથ્યુ જહોન તથા ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા અરૂણભાઈ બુચે જવાબદારી સંભાળી હતી.

તૃતીય કાર્યક્રમ હેઠળ કોલેજ તેમજ આઈસીએસઆઈ તેમજ એનએસઈ, ભારત સરકારના સંયુકત ઉપક્રમે 'રીસન્ટ ચેન્જીસ ઈન ઈન્ડિયન કેપીટલ માર્કેટ' વિષય અંતર્ગત સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આઈરીએરાઆઈ-સીસીજીઆરટીનાં આસીસ્ટન્ટ એજ્યુકેશન ઓફિસર શ્રી કેતન ભલગામીયાનાં પ્રયત્નોથી યોજવામાં આવેલ આ કાર્યક્રમમાં શ્રી સ્મીતેશ દેસાઈ, કંપની સેક્રેટરી તેમજ શ્રી મિહીરસિંહ પરમાર, આસિસ્ટન્ટ મેનેજર એનએસઈ મુખ્ય મહેમાન તેમજ મુખ્ય વકતા તરીકે હાજર રહ્યા હતાં. કોલેજનાં ૨૭૪ વિદ્યાર્થીઓએ આ સેમિનારમાં હાજર રહી કેપિટલ માર્કેટ વિષય પર માહિતી પ્રાપ્ત કરી હતી. કોલેજ તરફથી આ કાર્યક્રમને સફળ બનાવવામાં ડૉ. જયેશ તન્ના તેમજ પ્રો. માર્ગી દેસાઈએ જવાબદારી નિભાવી હતી.

આ ત્રણેય કાર્યક્રમોને સફળ બનાવવામાં તેમજ વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકોને માર્ગદર્શન આપવામાં કોલેજનાં પ્રિન્સિપાલ ડૉ. રમાકાન્ત પૃષ્ટિનો સહકાર સાંપડ્યો હતો.

ટે-ક્વોન-ડૉની નેશનલ ચેમ્પિયનશીપમાં ગાંધીનગરની ટીમ ઝળકી

ખેલાડીઓએ ૧૫ ગોલ્ડ, ૩ સિલ્વર અને ૫ બ્રોન્ઝ મેડલ્સ મેળવ્યા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા ટે-ક્વૉન ડૉ. એસોસિએશને તાજેતરમાં અમદાવાદ ખાતે નેશનલ ઓપન વેસ્ટ ઝોન ટે-ક્વોન-ડૉ સ્પર્ધામાં ગાંધીનગરની ટીમ સાથે જોડાઈ હતી. સ્પર્ધામાં ખેલાડીઓએ ૧૫ ગોલ્ડ મેડલ્સ, ૩ સિલ્વર મેડલ્સ અને ૫ બ્રોન્ઝ મેડલ્સ મેળવ્યા હતા.

નએશનલ ઓપન વેસ્ટ ઝોન ટે-ક્વૉન-ડૉ. સ્પર્ધામાં ગાંધીનગરના ૨૪ ખેલાડીઓએ ફાઈટ ઈવેન્ટ અને પૂમસે ઈવેન્ટમાં ભાગ લઈ ૨૩ મેડલ્સ મેળવ્યા હતા. હેતલ, રાજવી, કાવ્યા, ધવલ, સુધીર, ચિંતન, કિશન જયદીપ, કૌશલ, કિંજલ, પૂજા, આકાંક્ષા, સમન્તા, પ્રિન્સ, યુવરાજસિંહ અને રૂદ્રદત્તે ગોલ્ડમેડલ, ઉત્સવ, જૈમિન, નયના પટેલે સિલ્વર મેડલ અને ત્રીસા, સોહમ, હર્ષ, કૃણાલ, જયદીપે બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. સમગ્ર વિજેતા ટીમને માર્ગદર્શક જતીન દવે, મિલન કેસારી, અજય જાડેજા અને પ્રકાશભાઈ સંભવાણી, ઉપપ્રમુખ અશ્વિનભાઈ પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

પ્રેરણા વિદ્યાલયમાં જી.એસ., એલ.આર. ચૂંટાયા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરના સેક્ટર-૫-એમાં આવેલી પ્રેરણા વિદ્યાલયમાં તાજેતરમાં લોકશાહી ઢબે ચૂંટણી યોજવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓએ ચૂંટણી ફોર્મ ભરી, પ્રસાર-પ્રચાર કરી, મતદાન કર્યુ હતુ. દરેક વિદ્યાર્થીએ મતદાન કરી વર્ગ પ્રતિનિધિ ચૂંટ્યા હતા અને શાળાના જી.એસ. તથા એલ.આર.ની પણ પસંદગી કરવામાં આવી હતી.

ગાંધીનગર સેક્ટર-૫માં આવેલ પ્રેરણા વિદ્યાલયમાં વિદ્યાર્થી સંસદ માટેની ચૂંટણી લોકશાહી ઢબે યોજવામાં આવી હતી. ચૂંટણી કમિશ્નર તરીકે કુ. ધારાબેન ત્રિવેદી અને હિરલબેન પારેખની નિમણુંક કરવામાં આવી હતી. ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવવાની, ઉમેદવારી પત્રક ભરવાની, ચકાસણી કરવાની તેમજ ઉમેદવારી પત્રક પાછા ખેંચવાની સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. ચૂંટણીનો પ્રચાર કરવાની અને પ્રચાર બંધ કરવાની માહિતી પણ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ખુબ જ જોરશોરથી ચૂંટણી પ્રચાર કર્યો હતો.

ચૂંટણી દ્વારા વર્ગપ્રતિનિધિ તરીકે ચૂંટાયેલ વિદ્યાર્થીઓમાં ધોરણ-૮(એ)માં નાણાવટી ઈષિત, વાઘેલા અંકિતા ધોરણ ૮(બી)માં સોલંકી જયસિંહ, સોલંકી શ્વેતા ધોરણ-૯માં પંડ્યા તિલક, નિનામા સુરેખા ધોરણ-૧૦માં શર્મા અભિષેક, ચૌહાણ ભૂમિ, ધોરણ-૧૧ (કોમર્સ)માંનિનામા દિપેન્ક, ચૌહાણ ક્રિષ્ના, ધોરણ-૧ (આર્ટસ)માં પંડ્યા અભિષેક, પટેલ પુનમ, ધોરણ-૧૨ (કોમર્સ)માં કેન્ઝી લી ધોરણ-૧૨ (આર્ટસ)માં ચાવડા મહેન્દ્રસિંહ, પટણી સીમા વિજેતા બન્યા હતા.

વર્ગ પ્રતિનિધિની ચૂંટણી બાદ વિજેતા પ્રતિનિધિમાંથી જી.એસ. અને એલ.આર. માટેની ચૂંટણી યોજાઈ હતી. જી.એસ. તરીકે નિનામા દિપેન્ક અને એલ.આર. તરીકે ચૌહાણ ક્રિષ્ના ચૂંટાયા હતા. ચૂંટાયેલા તમામ વિદ્યાર્થીઓએ પોતાનો કાર્યભાર નિષ્ઠાપૂર્વક સંભાળવા માટેની શપથવિધિ કરી હતી અને પોતાનો કાર્યભાર સંભાળ્યો હતો. ચૂંટાયેલ વિદ્યાર્થીઓમાંથી મંત્રીમંડળની પણ રચના કરવામાં આવી હતી. જેમાં સાંસ્કૃતિક મંત્રી, ગૃહમંત્રી, કાયદામંત્રી, સહકારમંત્રી, સફાઈ મંત્રી, પ્રવાસન મંત્રી, સુચના અને પ્રસારણ મંત્રી, એજ્યુકેશન મંત્રી, રમત ગમત મંત્રીની નિમણુંક કરવામાં આવી હતી. તેમણે પણ પોતાની કામગીરી નિષ્ઠાપૂર્વક કરવા શપથ લીધા હતા. ચૂંટાયેલા તમામ વિદ્યાર્થીઓને શાળાના ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા તથા આચાર્યા સ્વાતિબા રાઓલે સમગ્ર પ્રેરણા પરિવાર તરફથી અભિનંદન પાઠવ્યા હતા.

ગુજરાતી વર્ણમાલા વિશે આઈ.આઈ.ટી.ઈ.માં વ્યાખ્યાન યોજાશે

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા ગાર્ડીરીસર્ચઈન્સ્ટિટ્યૂટ ફોર ડાયસ્પોરા સ્ટડીઝ રાજકોટના સહયોગથી દ્વી ઓગષ્ટ-૧ ૩ના રોજ ગુજરાતી વર્ણમાલા અને વ્યાકરણ, ગઈકાલ, આજ અને આવતીકાલ' અંગે પરિસંવાદ યોજાશે. યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કમલેશ જોશીપુરા આ પ્રસંગે અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહી પરિસંવાદનું ઉદ્‌ઘાટન કરશે. ભાષાના વ્યાકરણ વિષય સંદર્ભે ડૉ. ચંદ્રકાન્ત શેઠ, ડૉ. બળવંત જાની, ડૉ. અજીત ઠાકોર અને ડૉ. બાબુ સુથાર પોતાનું વક્તવ્ય આપશે. સવારે ૯ થી ૫ કલાક પરિસંવાદમાં પ્રબુદ્ધજનો ઉપસ્થિત રહેશે.

પંખીના કલરવ જેવું જ, નદીના કલકલાટ જેવું જ અને ઝરણાંની રમઝટ જેવું આપણી જિંદગીમાં પણ સંગીત અને નૃત્ય છે, એ ગીતની શોધમાં કયારેક નીકળી પડજો ખૂબ જ મજા પડશે

શ્રુતિ બંધનમ્
- ડૉ. બ્રિજ

'જિંદગી એક કહાની હૈ,
જિંદગી પંછી કા ગીત,
નદી કા કલરવ સંગીત હૈ.
સાગર કરી મોંજો કા ઉછલના - શાંત હોના,
કહીં મોરની સા થનકના,
કહીં સૂનકાર હૈ,
કહીં પાયલ કી ઝંકાર હૈ.
જિંદગી કુદરત કી બાંસુરી કા સ્વર હૈ.
યેસે ગુઝરતી હૈ જિંદગી કી કહાની...!'

કલમ ક્યારેક પોરો ખાવા લાગે છે. વૈચારિક ગતિ અટકાઇ પડે છે. પરોજણોની વચ્ચે ફરીથી કલમ કાગજ ઉપર લસરકા રચે છે. કશુંક લખાઇ જાય છે. રાહ જોઇ રહેલા કોઇ એકાદ વાચકની યાદ આવે છે અને ફરીથી કાગળ ઉપર શબ્દો ફૂટે છે. એ શબ્દો આપની નજરો કે લીચે...!

જીવનની ઘટમાળ વણઉકેલી રહી છે. જિંદગી મૃત્યુ પર્યંતનો કોયડો છે. કુદરતનું સત્વશીલ છત્ર હોવા છતાં આપણે ક્યાંક ભટકી પડીએ છીએ. મમૈવંશો જીવલોકેની ખાતરી હોવા છતાં ગતિ બધું જ વિસરી જવાય છે. કુદરત કા સૃષ્ટિમાં માનવ અને પ્રકૃતિનું સાયુજ્ય એટલે કે કરતી હશે કે માણસનું જીવતર આનંદ સાગરમાં મહાલે. જિંદગીની બહેતર ગતિને પામે. જિંદગીના ગીતથી એ તૃપ્ત બને. મનભર સથવારાને મનભરીને જીવી જાણે...! બીજાને સમજવાની - સમજાવવાની પરોજણમાં જ જિંદગીની સૂરત ખરડાઇ જાય છે. કુદરતના સામ્રાજ્યનો જ સ્વીકાર એવી સમજણ ફરીથી આપણને ઊભા કરી દે છે. જિંદગીનું બીજું નામ જ આવી સમજણ હોઇ શકે...!

ઉમાશંકર જોષીની 'ધારાવસ્ત્ર' માંની આ કવિતા એવું જ કંઇક ચિંતન આપે છે અને જિંદગીની રફતારને ગતિ આપે છે.

'એને પણ તમે માત્ર માણસ કહેશો?
બે કાન છે, બે આંખ છે, બે હાથ બે પગ છે માટે?
હૃદયના એના વિશ્વ - ધબકારનું શું?
એ કાન સાંભળી લે છે
આશાનાં દશક - દૂર શતક - દૂર પગલાં
એ આંખ જુએ છે
ક્ષિતિજની પેલે પારની
ક્ષિતિજને પેલે પાર...
એ હાથ પસવારે છે ગમે તેવા પાપીનીય છાનીછપની
પુણ્ય ઝંખતી અભીપ્સાને,
એ પગ ચાલે છે તેમ તેમ ટૂંકો થતો જાય છે પંથ,
સૌ કોઇની જય કૂંચનો.'

માણસ તરીકેની દોડ ખૂબ લાંબી છે. વિશ્વ કવિની ભાવના - કેટલી ઉદાત્ત છે. આપણા હાથ-કાન-આંખ વડે દુનિયાની વિશાળતામાં તરબતર થવાની વાત છે. જિંદગીની ફૂચ ફક્ત વિજયને તરે, આનંદમ્ ને વરે અને પ્રેમની દુનિયામાં જ રમમાણ કરે એવું જ કંઇક લાગ્યા કરે છે. જેટલું બને તેટલું દશકથી દૂર અને શતકથી દૂર જોવાની દૃષ્ટિ કેળવવામાં જ જિંદગી ખર્ચાઇ જાય એ ખરૂં...! ક્યાંક શબ્દ થકી વિચાર થકી લીલોતરી થઇ છવાઇ જવાનું અને કોઇની આંખોમાં તાજગી ભરી દેવાનું સતકર્મ બન્યા કરે તો કેવું? ક્યાંક ફણગો થઇ ફૂટી જવાની જ આ ઘટના છે ને!

કુદરતના સ્વરૂપો કેટલાં? અવર્ણનીય, અણગીનત. અને એટલે જ એ અત્ર-તત્ર સર્વત્ર કોઇનાં કોઇ રૂપે આપણી આસપાસ રહે છે. એ વસ્તુમાં - વ્યક્તિમાં પણ છૂપાઇ જાય એવું પણ બને. ક્યારેક મને દોડાવે - અને ક્યારેક અટકાવે પણ ખરો જ. હું અટકું છું ત્યાં નિરાશા...! ભાગ્યના દોષો...! બીજાના વાંક આવું બધું ચાલે ખૂબ ચાલે પરંતુ આખરે જિંદગીની દોડમાં મારી - તમારી પાસે એ ખૂબ જુદો જ પાઠ ભજવાવવા માંગે છે. આપણી બુદ્ધિ સહેજ બહેર મારી જાય, જિંદગીમાં કડવાહટ પથરાઇ જાય એવું ઘણું બને છે. છતાં શાંત ચિત્તે કુદરત સામે જ નિઃસ્વાર્થી બનીને પ્રશ્ન પૂછીએ તો જવાબોનો - સાંત્વનાઓનો ખડકલો ખડકાઇ જાય...! યહીં જિંદગી હૈ મેરે દોસ્ત...!

પંખીના કલરવ જેવું જ, નદીના કલકલાટ જેવું જ અને ઝરણાંની રમઝટ જેવું આપણી જિંદગીમાં પણ સંગીત અને નૃત્ય છે. એ ગીતની શોધમાં ક્યારેક નીકળી પડજો ખૂબ જ મજા પડશે. દુનિયાના હરેક ઇન્સાનની જિંદગી રંગોથી - ગીતોથી - આનંદથી ખુશીઓથી ભરેલી જ છે. ફક્ત આપણે કૃત્રિમ રંગોની પાછળ પડ્યા છીએ. હું જ કરી લઉં. મેળવી લઉં. સફળતાની ટોચ પર ચડી જાઉંનો 'હું કાર' આપણને કુદરતના રંગોથી અળઘા રાખે છે. કાન દઇને સાંભળવાની ફુરસદ નથી એટલે જ કદાચ જિંદગીનું ગીત આપણાથી દૂર છે. આપણી સામે ક્ષિતિજ છે પણ પેલે પાર જવાની હોંશ નથી, વિશ્વાસ નથી. કશુંક નાનકડું પણ દિલને ઝણઝણાવી મૂકે, ખુશીથી નાચી ઊઠીએ એવું કામ કરવામાં આપણને રસ નથી. જિંદગી જીવવા છતાં દૂર દૂર ફંગોળાઇ. જતી હોય તેવું લાગે છે. એટલે જ 'કહીં શૂનકાર હૈ; જિંદગી નહીં મેરે દોસ્ત!'

જિંદગી ક્ષણોની ગિનતી છે, મહિના - વરસોની કહાની છે. બચપણ અને ઘડપણ વચ્ચેની કહાની છે. ભણતર અને ગણતર વચ્ચે ઘૂમરાતી કહાની છે. થોડીક વહે છે ચણતરમાં ત્યાં શ્વાસ ઓછા પડે છે. ઠરીઠામ થવાની હોંશમાં એક જિંદગી જ ઊડી જાય છે. આ બધાની વચ્ચે પણ જીવવાનું બને તેવા શ્વાસ નજદીક આવે છે. ક્યાંક રંગોની દુનિયા રચાય છે. મંદ સંગીતના સૂરમાં જિંદગી વહે છે. કોઇ વળી કશુંક ચિતરે છે, કોઇક મન મુકીને ગાય છે. કોઇ તન તોડીને નાચે છે. કોઇ મહાલે છે, મજા લૂટે છે, કોઇ જિંદગીથી દૂર જિંદગીથી દૂર, જિંદગી જ ખોળ્યા કરે છે. દુનિયામાં કોઇને કોઇ મળે છે, એ સથવારો જિંદગી જીવવા જેવી જ બનાવી દે છે અને આમ વહે છે એક જિંદગી...!

સ્વીટ રેઇન :

મેરી આંખો મેં, મેરી સાંસો મેં તેરા ચહેરા,
મેરે દિલ કી હર એક દિવાલ પે તેરા ચહેરા,
તું હી હૈ તું હી મેરા જહાં...!
તું હી રબ, તું હી દુઆ, તું હી લબ, તું હી જહાં
તું હી રાહ તું હી મકામ તું રહેનુમા...!

સોંગ - ડેન્જર ઇશ્ક (ફિલ્મ)